તા. ૦૪.૦૭.૨૦૨૪

દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ.૦૨

### 21 કિમીના રૂટ પર ફાઈનલ ઈન્સ્પેક્શન ચાલુ

# ઓગસ્ટમાં મોટેરાથી ગાંધીનગર અને ગિફ્ટ સુધી મેટ્રો દોડતી થશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ



ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા ફેઝ-2માં મોટેરાથી મહાત્મા મંદિર સુધીના 28 કિલોમીટર રૂટ પર મેટ્રો ટ્રેન દોડાવવાની કામગીરી પૂરઝડપે ચાલી રહી છે. પહેલા તબક્કામાં મોટેરાથી ગાંધીનગર સેક્ટર -1 સુધીના લગભગ 16 કિલોમીટર રૂટ પર તેમજ જેએનએલયુથી પીડીપીયુ થઈ ગિફ્ટ સિટી સુધીના 5 કિલોમીટર રૂટ પર કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ રૂટ પર ફાઈનલ ઈન્સ્પેક્શન ચાલી રહ્યું છે જે એકાદ દિવસમાં પૂરું થઈ જશે. સીએમઆરએસના જરૂરી વાંધા સૂચનો મુજબ સુધારા વધારા કરાશે જેમાં એકાદ મહિનાનો સમય લાગે તેવી શક્યતા છે. જેથી ઓગસ્ટમાં ગમે ત્યારે મોટેરાથી આ નવા 21 કિલોમીટરના રૂટ પર મેટ્રો ટ્રેનનું સંચાલન શરૂ કરાશે. આ મેટ્રો શરૂ થતા લોકો ગાંધીનગર સેક્ટર -1 સુધી તેમજ પીડીપીયુ તેમજ ગીફ્ટ સિટી સુધી સરળતાથી અવર જવર કરી શકશે. જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, મેટ્રો

### બંને રૂટ પરના 15 સ્ટેશનનું કામ પૂરું થયું

હાલમાં મોટેરાથી સેક્ટર-1 સુધીના 16 કિલોમીટર રૂટ પર 13 સ્ટેશન તેમજ જેએનએલયુથી ગિફ્ટ સિટી વચ્ચેના 2 સ્ટેશન મળી કુલ 15 સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે. હાલ આ રૂટ પર કમિશનર મેટ્રો રેલ સેફ્ટીની ટીમ દ્વારા ટ્રેક, સિગ્નલ સિસ્ટમ, કોચ તેમજ સ્ટેશનનું ઈન્સ્પેક્શન કરાઈ છે. જ્યારે સેક્ટર-1થી મહાત્મા મંદિર સુધીના રૂટ પર પણ પુરઝડપે કામગીરી ચાલી રહી છે અને વર્ષના અંત સુધીમાં આ કામ પૂર્ણ કરી દેવાનો લક્ષ્યાંક છે.

ફેઝ-2માં મોદી સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી તેમજ ગિફ્ટ સિટીને જોડતા કુલ 28 કિલોમીટરના રૂટ પર મેટ્રોનું કામ ચાલી રહ્યું છે. આ રૂટ પર કુલ 22 સ્ટેશનો તૈયાર કરાશે.